ગાંધીનગર **તાપમાન**


મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૮૯ ટકા





વહેલી સવારે શહેરના બાગ બગીચાઓમાં યોગ, કસરત, વોકિંગ કરવા માટે શહેરીજનો જોવા મળી રહ્યા છે. નાગરિકોમાં પોતાની ફીટનેશ પ્રત્યે જાગૃતતા જોવા મળી રહી છે. વહેલી સવારે પુનિતવન, મહાત્મા મંદિરના ગાર્ડનમાં ઉપરાંત બાગ બગીચાઓ અને માર્ગો પર નાના બાળકોથી લઈ સિનિયર સિટિઝનો કસરત કરવા માટે આવે છે. ઉપરાંત આગામી સમયમાં ભરતીઓ હોવાના કારણે યુવાનો તેની પ્રેકટિસ કરતા જોવા મળી રહ્યા છે.

## જન્મદિને વધામણી



કિરણ હસમુખલાલ પટેલ
મો. ૯૪૨૬૫ ૮૨૫૯૪



જાનકી પૂનમભાઈ નાયી
મો. ૯૯૦૪૮૯૧૨૮૦



દરજી શાનવી
નવનીતકુમાર


## મમતા ટ્રેનિંગ સેન્ટરના સંજય કેશવાલાને યુપીએસસીમાં ૩૬૮મો રેન્ક



ગાંધીનગર, તા.૨૯

તાજેતરમાં ભારતીય સનદી સેવા આઈએએસ માટે યુપીએસસી પરીક્ષા ૨૦૨૦નું પરિણામ જાહેર થયું. જેમાં દેશભરમાંથી ૭૬૧ ઉમેદવારો ઉત્તીર્ણ થયા છે. આ ઉમેદવારોમાં ગાંધીનગરમાં કડી કેમ્પસ ખાતે ચાલી રહેલ મમતા આઈએએસ ટ્રેનિંગ સેન્ટરના એક ઉમેદવારનો સમાવેશ થાય છે. મમતાના સંજય કેશવાલાએ ૩૬૮મો રેન્ક પ્રાપ્ત કર્યો છે. યુવા ઉમેદવારની પસંદગી સાથે સમગ્ર કડી કેમ્પમસાં આનંદની લહેર પ્રસરી છે. સંજય કેશવાલા પોરબંદરના વતની છે. વર્ષ ૨૦૧૮-૧૯માં સેકસન ઓફિસર વિધાનસભામાં ૧.૫ વર્ષ સુધી પોતાની જવાબદારી નિભાવી હતી. ત્યારબાદ ડેપ્યુટી કલેકટર રહી ચુકયા છે. સર્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલ અને સંસ્થાના સંચાલક સચિન સોનીએ ઉમેદવારને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

## જે.એમ.ચૌધરી વિદ્યાલયમાં વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુની સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨૯

જે.એમ. ચૌધરી વિદ્યાલયમાં વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુ બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૧થી ૮ના બાળકોએ ખૂબ જ સુંદર વસ્તુઓ બનાવી હતી. બાળકોની સર્જનાત્મક શકિતનો વિકાસ થાય તે હેતુથી આ સ્પર્ધા યોજાઈ હતી. આ પ્રવૃત્તિ દિપમાલાબેન, શિલ્પાબેન, રેખાબેને યોજી હતી.આચાર્યએ સર્વે શિક્ષકો તથા બાળકોને બિરદાવ્યા હતા.

## સ્મિત મ્યુઝિક દ્વારા લતાજીનો જન્મદિન ઉજવાયો



ગાંધીનગર, તા.૨૯

સ્મિત મ્યુઝિક દ્વારા સ્વ. દેવાનંદ, મહેન્દ્રકપૂર, હેમંતકુમારને શ્રધ્ધાંજલિ તેમજ સ્વરકોકીલ લતાજીના જન્મદિનની ઉજવણી કરતો શૉ યોજાયો હતો. જે ફેસબુક લાઈવથી ઈવેન્ટ કરવામાં આવી હતી. જેમાં પરેશ ત્રિવેદી, શ્રવણ પરમાર, ધરમેનદર, બીજય તિવારી, જીગર મેવાડા, મનીષ શાહ, અમૃત રાવલ, જલક ત્રિવેદી, અપર્ણા ભટ્ટ, સહ જયોતિ ગજ્જર, ભરત ગજ્જરે ફેસબુક લાઈવમાં ગીત પ્રસ્તુત કર્યા હતા.

## ટીબીના રોગને નાબૂદ કરવા કલોલના ખાનગી ડોકટર સાથે બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૯

માનનીય વડાપ્રધાન શ્રી દ્વારા ૨૦૨૫માં ટીબીને સમગ્ર ભારત દેશમાંથી નાબુદ કરવાનું આહવાન કરેલ છે ને સાથે સાથે ગુજરાત સરકાર દ્વારા ૨૦૨૨ માંથી ટીબી ના રોગને નાબૂદ કરવાનું નક્કી કરેલ છે. જે અનુસંધાને કલોલ મેડિકલ એસોસિયેશનના સહયોગથી કલોલ તાલુકાના તમામ પ્રાઈવેટ ડોકટર સાથે મીટિંગ કરવામાં આવી હતી. જેમાં આ કાર્યક્રમમાં હાલમાં સરકાર દ્વારા ચાલતા રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ દ્વારા ટીબીને નાબૂદ કરવા સરકાર શ્રી દ્વારા ટીબીના દર્દીને મળતી સામાજિક સહાય, મફત નિદાન, મફત દવાઓ, દવાની આડઅસરો, નવીન દવાઓની જાણકારી, ટીબીના દર્દી શોધવા માટે નવીન અને અદ્યતન ટેકનોલોજી યુક્ત સાધનો અને પદ્ધતિ ની જાણકારી, સાથે સાથે ભારત સરકારશ્રીના રાજપત્ર અનુસાર ટીબી ના દર્દીની નોંધણી કરવી ફરજીયાત છે. આ રાજપત્ર અનુસાર તમામ પ્રાઈવેટ ડોક્ટર જો ટીબી ના દર્દી ની શોધ કરી સરકારને જાણ કરવી ફરજીયાત છે. જો આ ટીબી ના દર્દી ની જાણ કરવામાં નહિ આવે તો તે ડોક્ટર પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ ઉપરાંત કોઈ પણ ટીબીના દર્દી ની સારવાર પ્રાઈવેટ કે સરકારી માં દવા ચાલુ હોય તો તે દર્દી ને સરકાર ની નિક્ષય પોષણ સહાય યોજના અંતર્ગત નિયમિય સારવાર ચાલુ રહે તે મુજબ ટીબીના દર્દી ને દરમાસે સરકાર તરફથી ૫૦૦ રૂપિયા મળવાપાત્ર છે. તેમજ જો ટીબીના દર્દીની નોંધણી કરાવનાર પ્રાઈવેટ ડોકટરને પણ સરકાર તરફથી દર્દીની નોંધણી અંગેના દર્દી દીઠ ૫૦૦ રૂપિયા અને દર્દીની સારવાર પૂર્ણ કરાવેલ છે. તેની જાણકારી કરતા બીજા ૫૦૦ રૂપિયા મળવાપાત્ર છે. આ કાર્યક્રમમાં કલોલ સિટી વિસ્તારના ડો.રજની પટેલ (નિરલ હોસ્પિટલ) અને ડૉ.વિરલ પટેલ (ઉમિયા હોસ્પિટલ) ને વર્ષ ૨૦૨૦માં ટીબીના દર્દીની વધુ નોંધણી કરવા બદલ પુરસ્કાર આપી સન્માનીત કરવામાં આવેલ તેમજ જીલ્લા ક્ષય અધિકારી ડો.દિપક પટેલ દ્વારા જણાવવામાં આવ્યું કે તમામ ડોક્ટરને ટીબી ના દર્દી ની નોંધણી સાચી અને સમયસર થઈ જાય તની તકેદારી રાખવી તેમજ જો કોઈ પ્રાઈવેટ ડોક્ટર ટીબીના દર્દી ને સરકાર ની દવા આપવા માગતા હોય તો પણ જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા તેઓને પૂરતા પ્રમાણમાં દવા પૂરી પાડવામાં આવશે. આ કાર્યક્રમમાં ટીબી વિભાગમાં થી રાજ્ય કક્ષાએથી WHO કન્સલ્ટન્ટ ડો. વાય.કે. જાની. ગાંધીનગર મેડિકલ કોલેજ ના ટીબી ચેસ્ટ વિભાગના હેડ ડો.ગુંજન ઉપાધ્યાય, જિલ્લા ક્ષય અધિકારી ડો.દિપક પટેલ તેમજ જીલ્લા ક્ષય કેન્દ્રના સ્ટાફે હાજરી આપી હતી.

## એન.એસ.એસ. સ્વયંસેવકનું ગૌરવ



ગાંધીનગર, તા.૨૯

ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમના સ્વયંસેવક રાજા નલ્લાને રાજ્ય સરકાર દ્વારા આયોજિત રાજ્ય કક્ષાના રાષ્ટ્રીય સેવા યોજનાના મહોત્સવ કાર્યક્રમમાં પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં ત્રીજો નંબર આવ્યો છે. આખા ગુજરાતમાંથી આવેલા સ્પર્ધકોની વચ્ચે સ્પર્ધા કરી શારીરિક શિક્ષણ વિભાગના સ્વયં સેવક વિજેતા બન્યો છે તે બાબત આખી સંસ્થા માટે ખુબજ સન્માન અને ગૌરવની વાત છે. રાજા નલ્લાની આ સરસ ઉપલબ્ધી માટે સંસ્થાના ડીન ડૉ. જગદીશચંદ્ર સાવલિયા અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટે તેમને અભિનંદન પાઠવ્યા હતા.

## સે-૭-એ વસાહત મંડળના પ્રમુખ તરીકે જશવંત ગાંધીની વરણી

ગાંધીનગર, તા.૨૯

સે-૭-એ વસાહત મંડળની ૨૮મી વાર્ષિક સામાન્ય સભામાં નવા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

જેમાં પ્રમુખ તરીકે જસવંત ગાંધી, ઉપપ્રમુખ તરીકે ગણેશભાઈ પટેલ, હર્ષદભાઈ પટેલ, મંત્રી તરીકે અશોક પટેલ, ખજાનચી તરીકે ભદ્રેશ વી. શાહ, સહમંત્રી તરીકે વિપુલ ડી. પટેલ, હિરેન શાસ્ત્રી, ઓડિટર તરીકે વિનોદ રાવલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે તથા કારોબારી સભ્યોમાં જયશ્રીબેન રાવલ, વંદનબેન પટેલ, અમીબેન શાહ, સરોજબેન સંતોકી, પંકજઠાકોર, ઉર્મિલ વેદ, મહેશ પટેલ, ઋષિકેશ ભટ્ટ, અતુલ અમીન, જોય બક્ષી, ધર્મેન્દ્ર સુથાર, ઈમ્તીયાઝ ઘાંચી, મુકેશ ગોસ્વામીની વરણી કરવામાં આવી હતી.

## સ્વામિનારાયણ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજીનું ગૌરવ




ગાંધીનગર, તા.૨૯

શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી ભાટ, ગાંધીનગરના એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓએ સ્કિલ ઈન્ડિયા ગુજરાત ૨૦૨૧માં સ્કીલ ઈન્ડિયા મિશન હેઠળ ભાગ લીધો હતો. આ રાજ્યકક્ષાની હરીફાઈમાં સ્કિલ ઈન્ડિયા ગુજરાત ૨૦૨૧માં વિવિધ ક્ષેત્રે હરીફાઈ યોજવામાં આવી હતી. જેમાં ૩૩ જિલ્લા ના ૪ ઝોન, ૨૩ પ્રકારની અલગ અલગ સ્કિલ્સમાં ભાગ લેનાર વિદ્યાર્થીને સ્ટેટ લેવલ અને ઝોનલ લેવલ પર વિજેતા થનારને પરોતોષિક થી સન્માનીત કરવામાં આવે છે. જેમાંથી એસએસઆઈટી, ભાટ ગાંધીનગર મિકેનિકલ એન્જિનિયરિંગના વિદ્યાર્થી રિષભ દક્ષેશભાઈ મકવાણા, અર્થ રાકેશભાઈ સોની એ પેઈન્ટિંગ અને ડેકોરેટિંગમાં ઝોનલ લેવલ પૂર્ણ કર્યુ હતુ. આ બાબતે સંસ્થાના ડાયરેક્ટર અને પ્રિન્સિપાલ તથા મેનેજમેન્ટે વિદ્યાર્થી મિત્રોને ખૂબ જ શુભકામના પાઠવી હતી તેમ જ સંસ્થાનું ગૌરવ વધારવા માટે આશીર્વાદ આપ્યા હતા.



ચાણક્ય પુરી ખાતે આવેલા આશીયાના વૃધ્ધાશ્રમમાં ગુરૂકૃપા ફાઉન્ડેશન દ્વારા કરીયાણું ભરી આપવામાં આવ્યું હતું. આ વૃધ્ધાશ્રમમાં ગૌરાંગભાઈ મહેતા અને ફાઉન્ડેશનના સભ્યોને દુધપાક પુરી, ઢોકળાનું પુરૂ ભોજન શ્રાદ્ધ નિમિત્તે કરાવવામાં આવ્યું હતું જેમાં વિચાર આવ્યો કે કરીયાણું ભરી આપવામાં આવે તો વૃદ્ધોના ભોજનનો પ્રશ્ન હલ થઈ જાય.




એસ. કે.પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં વેસ્ટમાંથી બેસ્ટ એવી કોકોનટ ફાઈબર પેસ્ટીંગ એક્ટિવિટી કરાવવામાં આવી હતી. જેમાં બાળકોએ નાળિયેરની છાલમાંથી અલગ અલગ નવીન વસ્તુઓ બનાવી હતી.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ઠાકોર મંગુબેન ભલાજી, ઉ.વ. ૭૩, ડભોડા
- સ્વ. ઠાકોર ગીતાબેન શૈલેષજી, ઉ.વ. ૨૯, પીંપળજ જૂના
- સ્વ. પરમાર જીવણભાઈ ધૂળાભાઈ, ઉ.વ. ૭૪, સેકટર-૩
- સ્વ. ગોસાઈ દર્શનલાલ ગંગાપ્રસાદ, ઉ.વ. ૭૨, સેકટર-૭

## સિવિલના ઓડીટોરીયમમાં રાજકીય પક્ષોની બેઠક ચર્ચાનો વિષય

### બેઠકો યોજાવાને કારણે આવતા જતા દર્દી અને તેમના સગા ઉપરાંત સ્ટાફને ભારે હેરાનગતિ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર મહાનગર ચુંટણીનો મહાસંગ્રામ બરાબરનો જામ્યો છે. ત્યારે હાલના સમયે પ્રચારકાર્યમાં વરસાદ વિઘ્ન બની રહ્યો છે. રાજકીય પક્ષોના આગેવાનો અને કાર્યકરો સાથે મોટી સંખ્યામાં બેસીને બેઠક યોજી શકે તે પ્રકારે જગ્યા હાલ નથી. જેને પગલે ગાંધીનગર સિવિલ કેમ્પસમાં સ્થિત મેડીકલ કોલેજના ઓડીટોરીયમ હોલમાં રાજકીય મેળાવડા જોવા મળી રહ્યા છે. મેડીકલ કોલેજનો ઓડીટોરીયમ હોલ કોલેજના સાંસ્કૃતિક કાર્યક્રમ માટે તૈયાર કરાયો હતો. જયારે આ હોલનું ભાડુ પણ તોંતિગ છે. આ રાજકીય માહોલ વચ્ચે સિવિલ સંકુલ કેન્દ્ર સ્થાન બન્યું છે. અહીં મોડી રાત સુધી રાજકીય પક્ષના ઉમેદવારો અને કાર્યકરોનો જમાવડો જોવા મળે છે. આવી સ્થિતિમાં સિવિલના ઓડીટોરીયમમાં રાજકીય પક્ષોની બેઠક પણ ચર્ચા નો વિષય બન્યો છે.

અહીં બેઠકો યોજાવાને કારણે અહીં આવતા જતા દર્દી અને તેમના સગા ઉપરાંત સ્ટાફને ભારે હેરાનગતિ થાય છે. તાજેતરમાં ભાજપ દ્વારા પણ કોલેજના ઓડીટોરીયમમાં પણ સંમેલન યોજાયુ હતું. તો બીજી તરફ આવતીકાલે પણ કોંગ્રેસ પક્ષ દ્વારા ઓડીટોરીયમ હોલ ખાતે નાગરીક સંમેલન યોજાશે. રાજયકીય પક્ષના કાર્યક્રમોને પગલે સિવિલમાં રાજકીય ચહલ પહલ જોવા મળી રહી છે.



વોર્ડ નં. ૭ વાવોલ કોલવડા ભાજપ ઉમેદવારો દ્વારા ચૂંટણી જીતવા માટે એડીચોટીએ ચૂંટણી પ્રચાર કરવામાં આવી રહ્યો છે. ત્યારે વોર્ડના ઉમેદવારો શૈલેષભાઈ પટેલ, સોનલબા વાઘેલા, પ્રેમલસિંહ ગોલ, કિંજલબેન ઠાકોર દ્વારા વોર્ડના ખૂણે ખૂણે જઈ પ્રચાર અભિયાન કરવામાં આવ્યું હતું.





વાવાઝોડાની અસરને લીધે શહેરમાં પવનની ગતિ તેજ જોવા મળી છે. પવનની ગતિના કારણે ઠેર ઠેર લગાવાયેલા હોર્ડીગ્સ તુટી ગયા છે. હાલમાં ગાંધીનગર મનપાની ચુંટણી હોઈ ઘણા સ્થળોએ વિશાળ હોર્ડિંગ્સ લગાવાયા છે. જે પૈકી ઘણા હોર્ડિંગ્સ તુટી ગયા છે.